# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકીતા શાહ વાંચે છે.

**************************************************

**1)** દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા વિદેશ મંત્રી એસ. જયશંકરે યુકેના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોનાથન પોવેલ સાથે મુલાકાત કરી.

**2)** સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં નેધરલેન્ડના સંરક્ષણ મંત્રી રુબેન બ્રેકેલમેન્સ સાથે બેઠક કરી.

**3)** ટ્રમ્પ સાથે વાતચીત બાદ રશિયન પ્રમુખ પુતિન યુક્રેનમાં ઊર્જા અને માળખાગત સુવિધાઓ પરના હુમલાઓને અસ્થાયી રૂપે રોકવા સંમત થયા.

**4)** ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ગાઝા પટ્ટીમાં હમાસ સામે સંપૂર્ણ તાકાતથી લડાઈ ફરી શરૂ થઈ હોવાની પુષ્ટિ કરી.

**5)** અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર પૃથ્વી પર સુરક્ષિત રીતે પરત ફર્યા.

**6)** કબડ્ડી વર્લ્ડ કપમાં, ભારત અને સ્કોટલેન્ડ વચ્ચે ની મેચ ડ્રો.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAISINA DIALOGUE- EAM MEETINGS

રાયસીના સંવાદ અંતર્ગત વિદેશ મંત્રી એસ. જયશંકરે ગઇકાલે યુકેના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોનાથન પોવેલ સાથે મુલાકાત કરી અને દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક સુરક્ષા મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

આ ઉપરાંત શ્રી જયશંકરે નેપાળ, થાઈલેન્ડ, લક્ઝમબર્ગ, લાતવિયા અને માલદીવ સહિત વિવિધ દેશોના તેમના સમકક્ષો સાથે પણ દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. શ્રી જયશંકરે X પર અનેક પોસ્ટ્માં તેમની બેઠકો વિશે વિગતો આપી હતી. અન્ય કાર્યક્રમો ઉપરાંત, શ્રી જયશંકર પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) ના ડાયરેક્ટર જનરલ રાફેલ મારિયાનો ગ્રોસીને પણ મળ્યા. તેમના નેપાળી સમકક્ષ આરઝુ રાણા દેઉબા સાથેની મુલાકાતમાં "આપણા દ્વિપક્ષીય સહયોગના વિવિધ પાસાઓ" પર ચર્ચા કરી હતી.

# RAJNATH-NETHERLANDS MEETING

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં નેધરલેન્ડના સંરક્ષણ મંત્રી રુબેન બ્રેકેલમેન્સ સાથે મુલાકાત કરી.

બંને નેતાઓએ સંરક્ષણ, સુરક્ષા, માહિતી આદાનપ્રદાન, હિંદ-પ્રશાંત મહાસાગર અને નવી ઉભરતી ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવાની ચર્ચા કરી. તેમણે બંને દેશો વચ્ચે કૌશલ્ય, ટેકનોલોજી અને જહાજ નિર્માણ, સાધનસામગ્રી અને અવકાશ ક્ષેત્રોમાં સહયોગની શક્યતાઓ પર પણ ચર્ચા કરી.

# MoS- BILATERAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદે નવી દિલ્હીમાં મલેશિયાના રોકાણ, વેપાર અને ઉદ્યોગ નાયબ મંત્રી લ્યુ ચિન ટોંગ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, બંને પક્ષોએ દ્વિપક્ષીય વેપાર અને બજાર ઍક્સેસ, સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં સહયોગ અને સેવા ક્ષેત્રમાં સહયોગ સહિતના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બેઠકમાં ASEAN-ભારત વેપાર માલ કરારની સમીક્ષા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, મલેશિયા ASEAN માં ભારતનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે.

# REV EVE. CEC MEET-VOTER ID AADHAAR

ચૂંટણી પંચે જણાવ્યું કે, તે ટૂંક સમયમાં મતદાર ઓળખપત્રને આધાર સાથે લિંક કરવા માટે ટેકનિકલ પરામર્શ શરૂ કરશે.

આ ટેકનિકલ પરામર્શ યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા-UIDAI અને ચૂંટણી પંચના નિષ્ણાતો વચ્ચે થશે. આ નિર્ણય મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલય, વિધાનસભા વિભાગના સચિવો અને UIDAI ના CEO સાથે યોજાયેલી બેઠક દરમિયાન લીધો હતો. પંચે કહ્યું કે, તે કલમ 326, જનપ્રતિનિધિત્વ અધિનિયમ, 1950 અને સંબંધિત સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ અનુસાર ચૂંટણી ફોટો ઓળખ કાર્ડને આધાર સાથે લિંક કરવા માટે કાર્યવાહી કરશે. ભારતના બંધારણના અનુચ્છેદ 326 મુજબ, મતદાનનો અધિકાર ફક્ત ભારતના નાગરિકને જ આપી શકાય છે, જ્યારે આધાર કાર્ડ ફક્ત વ્યક્તિની ઓળખ સ્થાપિત કરે છે.

# BIHAR - ED LALU

ED એ ગઇકાલે બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી અને તેમના પુત્ર તેજ પ્રતાપ યાદવની નોકરી માટે જમીન કેસમાં પૂછપરછ કરી.

અધિકારીઓએ બંનેની ત્રણ કલાકથી વધુ સમય સુધી અલગ-અલગ પૂછપરછ કરી. તપાસ અધિકારીઓએ તેજ પ્રતાપ યાદવની દિલ્હી અને અન્ય સ્થળોએ સ્થાવર મિલકતોના સંપાદન અંગે પણ પૂછપરછ કરી. આ કેસમાં, ED એ RJD પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવને પટના સ્થિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસમાં હાજર થવા માટે બોલાવ્યા છે. અગાઉ, ED એ ગયા વર્ષે જાન્યુઆરીમાં શ્રી પ્રસાદની દસ કલાકથી વધુ પૂછપરછ કરી હતી.
સીબીઆઈ પણ અલગથી આ કેસની તપાસ કરી રહી છે, જેમાં લાલુ પ્રસાદ અને તેમના સંબંધીઓએ 2004 થી 2009 વચ્ચે નોકરીના બદલામાં જમીન મેળવી હોવાનો આરોપ છે.

# MP--RANGPANCHAMI

આજે રંગપંચમી પર, મધ્યપ્રદેશના ઇન્દોરમાં પરંપરાગત ગેર શોભાયાત્રા યોજાશે. લોકો વિદેશથી પણ ગેર જોવા અને તેમાં ભાગ લેવા આવે છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ પણ આ શોભાયાત્રામાં ભાગ લેશે.

સાંભળીએ એક અહેવાલ..

## (BYTE : સંજીવ શર્મા)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## US RUSSIA TALKS

**ગઈકાલે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે લાંબી ટેલિફોન વાતચીત બાદ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન યુક્રેનમાં ઊર્જા અને માળખાગત સુવિધાઓ પરના હુમલાઓને અસ્થાયી રૂપે રોકવા માટે સંમત થયા છે. વ્હાઇટ હાઉસ અને ક્રેમલિન બંનેએ આ વાતની પુષ્ટિ કરી છે. વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે, બંને રાષ્ટ્રપતિઓ વચ્ચે ખૂબ જ વિવિધ પાંસાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.ટ્રમ્પ વહીવટીતંત્ર યુદ્ધને સમાપ્ત કરવાના સંભવિત તમામ માર્ગ શોધીને યુદ્ધવિરામ પ્રસ્તાવ પર સહી કરવા માટે રશિયન નેતાને મનાવવાના પ્રયાસ કરી રહ્યું છે.**

**બીજી તરફ, ક્રેમલિને જણાવ્યું કે, રશિયન રાષ્ટ્રપતિ સંપૂર્ણ યુદ્ધવિરામનો વિરોધ કરે છે અને ઉમેર્યું હતું કે કોલ દરમિયાન આ મુદ્દા પર ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના તેમના રશિયન સમકક્ષ**

સાથેના ફોનના થોડા કલાકો બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ પત્રકાર પરિષદ યોજીને કહ્યું છે કે રશિયા યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા કે યુદ્ધવિરામ માટે તૈયાર નથી.

# NETANYAHU-GAZA

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ગાઝા પટ્ટીમાં હમાસ સામે સંપૂર્ણ તાકાતથી લડાઈ ફરી શરૂ થઈ હોવાની પુષ્ટિ કરી છે.
ગાઝામાં થયેલા મોટા હવાઈ હુમલામાં 400 થી વધુ પેલેસ્ટિનિયનોના મોત બાદ તેમની ટિપ્પણી આવી છે. તેમણે હવાઈ હુમલાઓને માત્ર શરૂઆત ગણાવી અને કહ્યું કે, એન્ક્લેવમાં લડાઈ સંપૂર્ણ તાકાતથી ફરી શરૂ થઈ ગઈ છે. રાષ્ટ્રીય ટેલિવિઝન પર એક વિડીયો નિવેદનમાં તેમણે ચેતવણી આપી હતી કે હુમલાઓ વચ્ચે જ વાતચીત ચાલુ રહેશે. શ્રી નેતન્યાહૂએ કહ્યું કે, ઇઝરાયલ તેના તમામ યુદ્ધ લક્ષ્યો પ્રાપ્ત ન કરે, હમાસનો નાશ ન કરે અને આતંકવાદી જૂથ દ્વારા બંધક બનાવેલા દરેકને મુક્ત ન કરે ત્યાં સુધી આગળ વધતું રહેશે. વ્હાઇટ હાઉસે કહ્યું કે તેમની સલાહ લેવામાં આવી છે અને તેણે ઇઝરાયલના પગલાંને સમર્થન આપ્યું છે. ગઈકાલે, શ્રી નેતન્યાહૂએ કહ્યું હતું કે યુદ્ધવિરામ લંબાવવાની વાટાઘાટોમાં પ્રગતિના અભાવને કારણે તેમણે હુમલાઓનો આદેશ આપ્યો હતો.

# NASA - ISS RETURN

અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર પૃથ્વી પર સુરક્ષિત રીતે પરત ફર્યા છે. સ્પેસએક્સના કેપ્સ્યુલ અવકાશયાનનું અમેરિકાના ફ્લોરિડાના સમુદ્રમાં સફળ ઉતરાણ થયું છે. ફ્લોરિડા પેનહેન્ડલમાં તલાહસીના કિનારે આ ઘટના બની, જેનાથી બે અવકાશયાત્રીઓ માટે નવ મહિનાની કઠિન

પરીક્ષાનો અંત આવ્યો. બંને અવકાશયાત્રીઓએ સ્પેસએક્સના ક્રૂ-9 સાથે નાસાના નિક હેગ અને રશિયન અવકાશયાત્રી એલેક્ઝાન્ડર ગોર્બુનોવ સાથે તેમની યાત્રા પૂર્ણ કરી. અવકાશયાનમાં ટેકનિકલ ખામીને કારણે સુનિતા અને બુચ 9 મહિનાથી વધુ સમય સુધી અવકાશ મથક પર ફસાયેલા રહ્યા હતા. બંનેએ અવકાશમાં 286 દિવસ વિતાવ્યા.

અગાઉ, પ્રધાનમંત્રી મોદીએ નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સને સુરક્ષિત ઘરે પરત ફરવાની શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ તેમના પત્રમાં શ્રીમતી વિલિયમ્સને અવકાશમાંથી પાછા ફર્યા પછી ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

# KABADDI WORLD CUP

કબડ્ડી વર્લ્ડ કપમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરુષ ટીમની ગઈકાલે રાત્રે ઈંગ્લેન્ડના વોલ્વરહેમ્પ્ટન ખાતે રમાયેલી સ્કોટલેન્ડ સામેની રોમાંચક મેચમાં ડ્રોમાં પરિણમી હતી.. ભારતે મજબૂત શરૂઆત કરી, શરૂઆતની થોડી મિનિટોમાં જ 7-4 ની લીડ મેળવી હતી, જોકે સ્કોટલેન્ડની ટીમે પણ આક્રમક રમત રમીને વળતો જવાબ આપ્યો હતો.

ભારતનો આગામી મુકાબલો હોંગ હોંગ ચીન સામે થશે, જ્યારે સ્કોટ્સનો મુકાબલો 19 માર્ચે ઇટાલી સામે થશે.

મહિલા વર્ગમાં, ભારતીય મહિલા ટીમે અભિયાનનો વિજય સાથે આરંભ કર્યો હતો.. ભારતે વેલ્સને 89-18થી હરાવ્યું હતું. ભારતે પુરુષો અને સ્ત્રીઓ બંને વિભાગોમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે ટુર્નામેન્ટમાં પ્રવેશ કર્યો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજના તમામ અખબરોમાં સુનિતા વિલિયમ્સનું નવ મહિના બાદ પૃથ્વી પર આગમન, ઈઝરાયેલનો ગાઝા પર ભીષણ હુમલો, ઉત્તર પ્રદેશમાં દીહુલી હત્યાકાંડના 44 વર્ષ બાદ ત્રણ દોષિતોને સજા અને સુપ્રીમના નિર્દેશોને ધ્યાનમાં રાખી વોટર આઈડી અને આધાર લિન્ક કરાશે, વગેરે સમાચારો મુખ્ય પાને જોવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે, ઈઝરાયેલનો ગાઝા પર ભીષણ હુમલો: 400થી વધુના મોત
- નવગુજરાત સમય લખે છે, સુનિતા રિટર્ન્સ; નવ મહિને આજે પૃથ્વી પર પગ મુકશે
- સંદેશનું મુખ્યશીર્ષક છે, ટ્રાફિકના નવા નિયમોનો 1 માર્ચથી અમલ, ટ્રાફિક નિયમોના ભંગ બદલ 10 ગણો દંડ થશે
- દિવ્ય ભાસ્કરે લખ્યું છે સ્પેસમાં 285 દિવસની સફર, ઐતિહાસિક સફરે સુનિતા.. ‘ડ્રેગન’નો સક્સેસ રેટ 100 %
- રાજસ્થાન પત્રિકા પ્રથમ પાને લખે છે ટ્રમ્પ ઇફેક્ટ: પીળી ધાતુની વધી ચમક; નવી ઊંચાઈ પર સોનું, દિલ્લીમાં 91,000 ને પાર
- ઇંડિયન એક્સ્પ્રેસ અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ ટ્રમ્પ અને પુતિન વચ્ચેના યુક્રેનમાં 30 દિવસના યુદ્ધવિરામના સમાચારને હેડલાઇન બાનવી છે
- આ ઉપરાંત પોરબંદર સહિત સૌરાષ્ટ્રના આઠ બંદરનો વિકાસ કરાશે, જ્યોર્જ સોરોસ અને તેની સાથે જોડાયેલી સંસ્થા પર EDના દરોડા, ચીનમાં લશ્કરી સાફસૂફી: ટોચના અધિકારીઓની વ્યાપક ધરપકડ જેવા સમાચારોને મુખ્ય પાના પર સ્થાન મળ્યું છે.